ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



# દીવાદાંડી

લવાજમ વિનાનું નિ:શુલ્ક માસિક

વર્ષ—૨
વર્ષ અંક—૨
સળંગ અંક—૪
ફેબ્રુઆરી—૨૦૧૧

—:સંપાદક:—
મનિષ સુથાર
મદદનીશ શિક્ષક
પ્રા.શાળા,સમાદરા
તા.જિ.ખેડા.

આ અંકના સૌજન્યદાતા
શ્રી વર્ષાબેન ડી. શાહ
મ.શિ પ્રા.શાળા,સમાદરા



પૂજય રવિશંકર મહારાજ

## સાંકળિયું


(૧)મારી વાત..............................૨

(૨)આટલો સંદેશો.....................૩/૪

(૩)ધો–૭ સંસ્કૃત વિષયની ક્ષમતાઓ.૫

(૪)અદ્‌ભૂત શિક્ષિકા,.........................૭

(૫)પ્રશ્નમંચ...............................૯

(૬) અગત્યની વેબસાઈટો.............૧૧

(૭)શ્રી રવિશંકર મહારાજ............૧૨


### વાંચકોને/શિક્ષકોને/લેખકોને

- પ્રાથમિક શિક્ષણ જગતને ઉપયોગી પ્રેરણાદાયી બને તેવા મૌલિક,અનુભવજન્ય ,અભ્યાસપૂર્ણ,ટૂંકા લેખો કે માહિતી આવકાર્ય છે.
- પ્રા.શિક્ષણ અંગેના સમાચાર,વિશેષતા,વિવિધ પ્રવૃતિ આવકાર્ય છે.
- અસ્વિકૃત લેખો કૃતિઓ પરત મોકલવામાં આવતી નથી.
- જે તે લેખકના લેખો,વિચારો સાથે સંપાદક કે સલાહકાર મંડળ સંમત છે તેમ માનવું નહી.
- આ સામયિક શૈક્ષણિક હેતુ માટે જ છે.
- આપના પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય રહેશે.

# મારી વાત........



**–મનિષ સુથાર**

બાળક પ્રકૃતિની અણમોલ ભેટ છે,સુંદરતમ્‌ કૃતિ છે,સહુથી નિર્દોષ વસ્તુ છે,બાળક મનોવિજ્ઞાનનું મૂળ છે,શિક્ષકની પાઠશાળા છે,માનવ જગતનું નિર્માણ કરતાં છે.એના વિકાસ ઉપર દુનિયાનો વિકાસ નિર્ભર છે.''મહાન તત્વચિંતક અનામના બાળક માટેના આ શબ્દો કેટલા સત્વ અને સ્તુત્ય છે.

આપણે બાળકોને ભણાવીએ કે શીખવીએ છીએ.પણ હકીકતમાં તો બાળક આપણાં માટે શ્રેષ્ઠ ગુરૂની ગરજ સારે છે.સંસ્કૃતમાં તો બાળકને પ્રભુ સાથે સરખાવવતાં 'બાલ દેવો ભવઃ' એમ કહેવાયું છે.ત્યારે ઈશ્વર દ્વારા જગતના ઉત્તમોત્તમ સર્જન એવા બાળકને નાનું,અણસમજુ, નિરાશકત ન સમજીએ.ગજબની અને અનેક આવડતો,કૂનેહો,શકિતઓ બાળકમાં છે જ.ચાલો આણે તેની આ વિશિષ્ઠતાઓને ઓળખીએ અને ખીલવીએ.

''બાલ દેવો ભવઃ''

જય બાળક જય શિક્ષક

''મા તૂજે સલામ''

# આટલો સંદેશો

## શું પુસ્તકો આપણને ખરેખર પોષાતાં નથી?

**–રોહિત શાહ**

પુસ્તકાલય માટે આપણે 'ગ્રંથમંદિર' શબ્દને અધિક પ્રચલિત કરવો જોઈએ. ભારતમાં એવાં અનેક ગામ નગરો હશે જયાં અનેક મંદિરો હશે,પણ ગ્રંથમંદિર એકેય નહિ હોય.આપણું દુર્ભાગ્ય ગણાય એવી સમજ સુધી હજી આપણે પહોંચ્યા નથી,એ આપણું મોટું દુર્ભાગ્ય!પુસ્તકોને અજાણતાંય પગ અડી જાય તો પાપ લાગે એવી માન્યતા આપણી સંસ્કૃતિમાં છે,છતાં પુસ્તકોની ઉપેક્ષા કરવાથી પાપ લાગે એવી માન્યતા સુધી આપણે પહોંચી શકયા નથી,એ મહાપાપ ન ગણાય?પુસ્તકો એટલે વિદ્યા–સરસ્વતી એવી ભાવના સદીઓથી આપણે ઉછેરી રહયા છીએ,છતાં એના પ્રત્યેનો લગાવ ઓછો છે અને સતત ઘટતો જાય છે એ આપણી કરુણતા છે.

પુસ્તકો એ 'ટાઈમ પાસ'માટેનું સ્થૂળ સાધન નથી એ આપણા મનોરંજનનું માધ્યમ નથી.આપણાં આનંદનું આસ્થાકેન્દ્ર છે.આનંદની સાથો સાથ સંસ્કાર અને સંસ્કૃતિની સુગંધ પુસ્તક દ્વારા મળે છે.સાહિત્યમાં કયારેક વિચારના ઓજસ હોય છે.એક નાનકડો વિચાર,એક નાનકડી પંકિત માણસના જીવતરને નવી દિશા આપવા સમર્થ છે.

એવું તો નથી જ કે ઉત્તમ પુસ્તકો ઉપલબ્ધ નથી અને એવું પણ નથી કે પુસ્તકો આપણને પોસાતાં નથી.નવી પેઢીના હાથમાં દસ હજાર રૂપિયાનો મોબાઈલ હોઈ શકે છે,મોજશોખ માટે હજારો રૂપિયાનો ખર્ચ આપણને પરવડી શકે છે,બિનજરૂરી ભૌતિક ચીજોની સમૃદ્ધિ આપણે વસાવી શકીએ છીએ,પરંતુ પુસ્તક આપણને પોસાતું નથી.આ આપણી બદદાનત છે.

**પ્રભાવિત કરે તે નહીં પણ પ્રકાશિત કરે તે શિક્ષક.**

**પુસ્તક દરેક ગામ–નગરમાં તો ફરજિયાત હોવું જ જોઈએ.પરંતુ બસ,ટ્રેન અને વિમાનમાં પ્રવાસ કરનાર માટે પણ પુસ્તકની સુવિધા હોવી જોઈએ.શુદ્ધ સાહિત્યની રસલહાણ કરતાં પુસ્તકોનો વૈભવ આપણને લોભાવતો થાય એ માટે પુસ્તકાલય અનિવાર્ય છે.**

**'વાંચે ગુજરાત' અભિયાનને સાર્થક કરવા માટે ગામેગામ ગ્રંથમંદિરના નિર્માણ વિશે 'વિચારે ગુજરાત' અભિયાન શરૂ થાય એની આપણે સુખદ પ્રતિક્ષા કરીએ.મંદિરનો જિર્ણોદ્ધાર થાય છે,તેમ ગ્રંથમંદિરોનો જિર્ણોદ્ધાર થવો જોઈએ.નવાં પુસ્તકો વસાવવાં,જૂનાં પુસ્તકોની મરામત કરાવવી,વાચકોને નિરાંતે બેસીને વાંચવાની તમામ સુવિધાઓ આપવી આ બધુ આપણી નિષ્ઠા હોય તો જરાય અશકય નથી.**

**(ડી–૧૧,રમણકલા એપાર્ટમેન્ટ,નારણપુરા.અમદાવાદ–૧૩)**

## દિવાદાંડીને સાંપડેલ પ્રતિસાદ

તા.૨૨/૧/૧૧ને શનિવારના રોજ ધો–૫ થી ૭ના શિક્ષકોની બાયસેગ સ્ટુડીઓ,ગાંધીનગરથી ઓનએર તાલીમ દરમિયાન માન.શ્રી દિનેશભાઈ દેસાઈ(SSA-ગાંધીનગર)દ્વારા દિવાદાંડી શરૂ કરવા માટે અભિનંદન આપી અન્ય શિક્ષકોને આમાંથી પ્રેરણા લેવા જણાવ્યું.

**આભાર.........**

**એક જ અરમાન છે મને મારું શિક્ષણ સુગંધી બને.**

# ધોરણ ૭ સંસ્કૃત વિષયની ક્ષમતાઓ

## (૧)અધ્યયન ક્ષમતાક્ષેત્ર–શ્રવણમ

૧.૭.૧ સરળ પદ્યો (સુભાષિતો,પ્રહેલીકા, ગીતો),ટૂંકી અને સરળ ચિત્રવાર્તાઓ સાંભળે છે અને સમજે છે.

૧.૭.૨ પરિચિત પરિસ્થિતિમાં સાદી સૂચનાઓ,આદેશો અને પ્રશ્નો(કુત્ર,કદા,કિમ,કતિ,કિયત,કિમર્થનમ)સાંભળે છે.સમજે છે. અને તે પ્રમાણે ક્રિયા કરે છે.

૧.૭.૩ ટૂંકી વાતચીત અને સંવાદ સાંભળે છે અને સમજે છે.

૧.૭.૪ ૧ થી ૩૦ સુધીની સંખ્યા સાંભળે છે અને સમજે છે.

## (૨)અધ્યયન ક્ષમતાક્ષેત્ર–ભાષણમ

૨.૭.૧ સ્વર,વ્યંજન,વિસર્ગ અને અનુસ્વાર–અનુનાસિકાવાળાં પદો,સાદા જોડાક્ષરો અને સાદા વાકયોનું શુધ્ધ ઉચ્ચારણ કરે છે.

૨.૭.૨ સરળ,ગેય છંદોવાળાં સુભાષિતો અને સરળ ગીતોનો શુધ્ધ પાઠ કરે છે.

૨.૭.૩ વ્યવહારમાં વપરાતાં ક્રિયાપદોવાળાં ટૂંકા વાકયો બોલી શકે છે.

૨.૭.૪ કિમ,કુત્ર,અને કદા ના ઉપયોગ કરીને પૂછાયેલ વર્ગખંડને લગતા દૈનિક સાદા પ્રશ્નોના જવાબ શકયતઃ સંસ્કૃતમાં આપે છે.

૨.૭.૫ પોતાના સ્થાનિક પર્યાવરણને લગતા દૈનિક વ્યવહારનો સંવાદ ચિત્રોના આધારે કરી શકે છે.

૨.૬.૬ ૧ થી ૧૨ સુધીની સંખ્યા સમજીને બોલે છે.

## (૩)અધ્યયન ક્ષમતાક્ષેત્ર–પઠનમ

૩.૭.૧વાકયો,સુકિતઓ અને સુભાષિતોમાં આવેલા વિસર્ગ અને અનુસ્વાર–અનુનાસિકાવાળાં પદો ઓળખીને શુધ્ધ વાંચન કરે છે.

૩.૭.૨ સાદા અને સરળ વાકયોનું સસ્વર વાચન(મુખવાંચન) કરે છે.

**કલ્યાણ ક્રિયાથી થતું નથી પણ ભાવ અને વિવેકથી થાય છે.**

૩.૭.૩ સાદી,પરિચિત વાર્તાઓ અને સંવાદો(ગદ્યાંશ)નું આરોહ–અવરોહયુકત વાચન કરે છે.

૩.૭.૪ સાદા,સરળ,ગેય સુભાષિતો અને ગીતોનું લયબધ્ધ પઠન કરે છે અને ગાન કરે છે.

## (૪)અધ્યયન ક્ષમતાક્ષેત્ર–લેખનમ

૪.૭.૧ સાદા જોડાક્ષરયુકત શબ્દોનું અનુલેખન કરે છે.

૪.૭.૨ સાદા પદોનું શ્રુતલેખન કરે છે.

૪.૭.૩ સરળ અને જોડાક્ષરોવાળાં વાકયોનું અનુલેખન કરે છે.

૪.૭.૪ ૧ થી ૩૦ સુધીના અંકો લખી શકે છે.

## ગુજરાતના ૨૬ જિલ્લાઓ

**ભાગા પાવ સાસુ અબ જાવ આપો કપડાં અનદાન સુખે ભજુતા રામ**

| | | |
|---|---|---|
| ભાવનગર | વડોદરા | નવસારી |
| ગાંધીનગર | આણંદ | સુરત |
| પાટણ | પોરબંદર | ખેડા |
| વલસાડ | કચ્છ | ભરૂચ |
| સાબરકાઠાં | પંચમહાલ | જૂનાગઢ |
| સુરેન્દ્રનગર | ડાંગ | તાપી |
| અમદાવાદ | અમરેલી | રાજકોટ |
| બનાસકાઠાં | નર્મદા | મહેસાણા |
| જામનગર | દાહોદ | |

**(સંકલન:મરેલીન ડી. મેકવાન, મ.શિ મહીજ પ્રા.કન્યા શાળા,તા.જિ.ખેડા)**

**મોટાઈ કંઈ સરળ નથી,કારણ સરળ થવું એટલે જ મોટા થવું.**

# અદ્ભૂત શિક્ષિકા,અદ્ભૂત યાદી!

એક દિવસ એક શિક્ષિકાબહેને નવમા ધોરણના વિદ્યાર્થીઓને બે મોટા કાગળમાં પોતાના કલાસના વિદ્યાર્થીઓના નામ લખવાં કહયું.દરેક નામની સામે તેમજ નીચે બે લીટી ખાલી રાખવાનું કહયું.વિદ્યાર્થીઓને નવાઈ લાગી.થોડીક ઈંતેજારી પણ થઈ કે બહેન શું કરવાં માંગે છે?

શિક્ષિકાબહેને ત્યાર બાદ દરેક વિદ્યાર્થીના નામની સામે જે–તે વિદ્યાર્થીના સૌથી સારા ગુણો વિશે બધાને જેટલું યાદ આવે તેટલું લખવાનું કહયું.દરેકેદરેક વિદ્યાર્થીના સદ્ગુણને યાદ કરીને લખવામાં બધા વિદ્યાર્થીઓને ખાસ્સી વાર લાગી.આવા નવતર પ્રયોગોનો આનંદ પણ આવ્યો.કલાસનો બાકીનો સમય આ કાર્યમાં જ પૂરો થયો.શાળા છૂટયા બાદ દરેકે પોતાનું લખાણ શિક્ષિકાબહેનને સુપરત કરીને વિદાય લીધી.

અઠવાડીયાના અંતે શિક્ષિકાબહેને દરેક વિદ્યાર્થીના નામવાળો એક એક કાગળ તૈયાર કર્યો.તેના પર વર્ગના દરેક વિદ્યાર્થીએ તેના વિશે શું સરસ લખ્યું છે તેની યાદી લખી.સોમવારે ફરીથી કલાસ મળ્યો ત્યારે તેમણે દરેકને પોતાના નામવાળી યાદી આપી.દરેકના મોઢેથી આનંદના ઉદ્ગારો સરી પડયા.

'અરે!ભગવાન!બધા મારા વિશે આટલું સરસ વિચારે છે?'

'દરેકના હૃદયમાં મારા માટે આટલું બધું સન્માન હશે?આવું મેં કયારેય સપને પણ વિચારેલું નહીં!'

'બધા મને આટલું ચાહતા હશે તેની કલ્પના પણ મેં કયારેય નહોતી કરી...!'

આંખમાં આંસુ સાથે દરેક વિદ્યાર્થી આવા ઉદ્ગારો વ્યકત કરતો ગયો.પોતાનું મહત્વ બીજાને મન કેટલું બધું હશે એ કોઈના માનવામાં જ નહોતું આવતું!

એ દિવસ પૂરો થયો.ત્યાર બાદ બધા જ વિદ્યાર્થીઓ એકબીજાને સાથે હળીમળીને જ રહયા.કોણે કોના વિશે શું લખ્યું હતું તે કોઈ જાણતું ન હતું.એટલે બાકીના વરસો દરેક જણે એકબીજાની લાગણી ન દુભાય તેનો બરાબર ખ્યાલ રાખ્યો.મહીનાઓ વીતી ગયા.એ વાત પણ ભૂલાઈ ગઈ.

ઘણાં વર્ષો પછી એ જ શહેરનો એક વિદ્યાર્થી વિયેટનામ સામેની લડાઈમાં માર્યો ગયો.નામ એનું માર્ક.એનું શબ ગામમાં લાવવામાં આવ્યું.દેશને ખાતર ખપી જનાર

**રસ્તો શોધી કાઢો અને ન જડે તો નવો બનાવો.**

એ જવાંમર્દને શ્રદ્ધાંજલિ આપવા લોકો ઊમટી પડયાં.પેલાં શિક્ષિકાબહેન પણ એમાં સામેલ હતાં.જયારે એમણે અશ્રુભરી આંખે......'મારા વ્હાલા વિદ્યાર્થી!ભગવાન તારા આત્માને શાંતિ અર્પે...'એમ કહીને કોફિન પર ફૂલો વેર્યા ત્યારે બાજુમાં ઊભેલ એક સૈનિક નજીક આવ્યો.

ધીમેથી એણે કહયું,'શું તમે જ માર્કના નવમાં ધોરણના કલાસટીચર છો મેડમ?'

'હા કેમ?'શિક્ષિકાબહેનને આશ્ચર્ય થયું.

'ના, કંઈ નહીં.માર્ક તમારા વિશે હંમેશાં ખૂબ જ કહેતો રહેતો.તમને એ હંમેશા એ અતિ આદરથી યાદ કરતો.'

ત્યાર પછી ત્યાં હાજર રહેલા સમૂદાયમાં થોડીક ગુસપુસ શરૂ થઈ ગઈ.

અંતિમક્રિયા પતી ગયા પછી પ્રાર્થના માટે બધા એકઠા થયા ત્યારે એક સજ્જન પેલાં શિક્ષિકાબહેનની પાસે આવ્યા અને અત્યંત માનપૂર્વક બોલ્યા:'નમસ્તે !તમે જ માર્કના નવમાં ધોરણના કલાસટીચર છો ને?જુઓ,માર્ક મરાયો ત્યારે એના ખિસ્સામાંથી આ કાગળ મળેલો.એના પર માર્કે પોતાના હાથે લખેલું કે નવમાં ધોરણનાં મારા અતિ આદરણીય કલાસટીચર તરફથી મળેલી સર્વોત્તમ ભેટ....'

સેલોટેપ વડે ઠેકઠેકાણેથી ચોંટાડેલો એ કાગળ કેટલી બધી વખત ખોલેલો અને ફરથી ગડી વળાયેલો હશે એ એની સ્થિતિ પરથી સાફ દેખાઈ આવતું હતું.કાગળ જોઈને શિક્ષિકાબહેન ગળગળાં થઈ ગયાં.એ પેલો જ કાગળ હતો જે એક દિવસ એમણે કલાસના દરેક વિદ્યાર્થીને એમના અંગે બીજા વિદ્યાર્થીઓ શુ સરસ વિચારે છે તે નોંધીને આપેલું.

'બહેન!'માર્કની જ બેરેકમાં સાથે રહેલો અન્ય એક સૈનિક બોલ્યો.'માર્ક હંમેશા કહેતો કે આ કાગળ એના જીવનની સૌથી અમૂલ્ય ભેટ હતી.

એ જ સમયે અન્ય એક યુવતી ત્યાં આવી અને બોલી,'હા બહેન!મારા પતિએ પણ એમને એવો જ કાગળ મઢાવીને ફ્રેમ કરાવીને ઘરમાં રાખ્યો છે.!'

'અરે!મારા પતિએ તો અમારા આલબમમાં સૌથી પ્રથમ પાને આવો જ કાગળ રાખ્યો છે.'

'અને હું તો હંમેશાં માર્કની જેમ જ આ કાગળ મારા ગજવામાં જ રાખું છું.મારી

**એક જ અરમાન છે મને મારૂ શિક્ષણ સુગંધી બને.**

જીંદગીની પણ એ એક અત્યંત કીમતી ભેટ છે!'અન્ય એક યુવકે પોતાના ખિસ્સામાથી એવો જ એક કાગળ કાઢીને બતાવ્યો.

વાતાવરણમાં અહોભાવથી ભરેલી શાંતિ છવાઈ ગઈ.આંખમાં આંસુ અને આદરથી ત્યાં ઉપસ્થિત દરેક વ્યકિત પેલાં શિક્ષિકાબહેનને જોઈ રહી.હવે રડવાનો વારો શિક્ષિકાબહેનનો હતો.દરેક વિદ્યાર્થીના માથે હાથ મૂકીને એ ખૂબ જ રડયાં.

એક નાનકડો પ્રસંગ જીવનને કેવો વળાંક આપી શકે?બીજા લોકોએ આપણાં માટે કહેલા થોડાક સરસ શબ્દો આપણી જીંદગીને સુંદર ઘાટ આપી દેતા હોય છે.આપણે હંમેશા બીજા અંગે વાત કરતાં કે બોલતાં આટલો જ ખ્યાલ રાખીએ તો ખાતરીથી એ લોકો એ શબ્દોને મઢાવીને જ રાખવાના!આપણે આપણા મિત્રો,સ્નેહીઓ તેમજ સગાંવહાલાઓને કહીએ કે આપણે એમને કેટલા ચાહીએ છીએ.આપણાં માટે એ લોકો ખૂબ જ મહત્વના છે.આપણે એમને ખૂબ જ આદરથી જોઈએ છીએ.એ લોકોના કયાં સદ્‌ગુણો આપણને પ્રેરણા આપે છે અને મુશ્કેલીના સમયમાં માર્ગદર્શન પણ આપે છે....ચાલો,ખૂબ જ મોડું થાય તે પહેલાં દુનિયાને કહી દઈએ કે અમે તને ખૂબ જ ચાહીએ છીએ..

## નોલેજ બેંક–૪ આ અંકના જવાબો

(૧)રૈવતક(૨)ઝૂલણાછંદ(૩)અંજાર(૪)પ્રાંતિજ(૫)ગોરખનાથ(ગિરનાર)(૬)ડેડિયાપાડા(૭)સુરખાબ(ફ્લેમિંગો)(૮)ઈ.સ.૧૯૭૫(૯)શેઠ રણછોડલાલ(૧૦)કવિ નર્મદ

**કેળવણી એટલે સુખમાં ઘરેણું અને દુઃખમાં દિલાસો.**

# અગત્યની વેબસાઈટ

www.gujarat-education.gov.in/education/
www.education.nic.in/ssa/
www.gcert.gujarat.gov.in/gcert/
www.gunotsav.org
www.gujaratquiz.com
www.achalamonthly.wordpress.com
www.safari-india.com
www.ravikrupatrust.org
www.gujaratuniversity.org
www.google.co.in(search engine)
www.wechoosethemoon.org
www.recordtripping.com
www.webmd.com
www.gujaratindia.com
www.mytoday.com
www.baou.org
www.yahoo.com
www.gswan.gov.in
www.resultsindia.com
www.actionresearch.com
www.subirshukla.com

**(વધુ આવતાં અંકે........)**

**જેને પોતાનામાં વિશ્વાસ છે તે જ બીજાઓને વિશ્વસનીય બની શકે.**

# નોલેજ બેંક–૪

(૧)ગિરનાર પર્વતનું પૌરાણિક નામ શું હતુ?

(૨)નરસિંહ મહેતાનાં મોટા ભાગના પદો કયા છંદમાં રચાયેલા છે?

(૩)જેસલ–તોરલની સમાધી કયા શહેરમાં આવેલી છે?

(૪)કર્કવૃત ગુજરાતના કયા શહેરમાંથી પસાર થાય છે?

(૫)ગુજરાતનું સૌથી ઊંચું પર્વત શિખર કયું છ?

(૬)ગુજરાતના કયાં જંગલોમાં રીંછ જોવા મળે છે?

(૭)ગુજરાતનું રાજયપક્ષી કયુ છે?

(૮)ગુજરાતમાં ટેલીવિઝનનો પ્રારંભ કઈ સાલમાં થયો હતો?

(૯)ગુજરાતમાં કાપડની મીલ કોણે શરૂ કરી હતી?

(૧૦)ગુજરાતી ભાષમાં સૌપ્રથમ જોડણીકોશ કોણે આપ્યો હતો?

---

## ગતાંક પ્રશ્નમંચ–૩ ના જવાબો

(૧)૩૦મી જાન્યુઆરી(૨)૨૮ ફેબ્રુઆરી(૩)૨૯ ઓગષ્ટ(૪)૨૪ ડીસેમ્બર

(૫)૮ સપ્ટેમ્બર(૬)૧૪ સપ્ટેમ્બર(૭)૩૧ ઓકટોબર(૮)૪ માર્ચ

(૯)૮ માર્ચ(૧૦)૨૩ એપ્રિલ(૧૧)૨૨ એપ્રિલ(૧૨)૫ જૂન

(૧૩)૨૧ માર્ચ(૧૪)૭ એપ્રિલ

**સારું કાર્ય કરવા શુભ મુહૂર્તની રાહ ન જુઓ.–અજ્ઞાત**

# ૦ પૂજય રવિશંકર મહારાજ ૦



**જન્મ–૨૫/૨/૧૮૮૪ નિર્વાણ–૧/૭/૧૯૮૪**

રવિશંકર મહારાજ નો જન્મ ખેડા પાસેના રઢુ ગામે થયો હતો.તેમનું મૂળ વતન મહેમદાવાદ પાસેનું સરસવણી ગામ.માનવમાત્ર પ્રત્યે સ્નેહ અને સહાનુંભૂતિનો વારસો તેમને માતા તરફથી મળ્યો હતો.તેમને નાનપણમાં રમતો રમવાનો અને નદીના ધસમસતા પ્રવાહમાં તરવાનો ભારે શોખ હતો.

મહાત્મા ગાંધીના પરિચયમાં આવતા તેઓ આઝાદીની લડતમાં જોડાયા.ખેડા જિલ્લામાં ગામેગામ 'હિન્દ સ્વરાજ'નામની પુસ્તિકા પહોચતી કરવાનું કામ તેમણે કર્યુ હતું.ત્યારથી તેઓ 'સ્વરાજવાળા' કહેવાયા.જાતે ઘસાઈ જવું એ તેમનો જીવનમંત્ર હતો.આથી લોકો તેમને ' ઋષિ' અને 'મૂઠી ઉચેરા માનવી' કહેતા હતા.

આચાર્ય વિનોબા ભાવેની'ભૂદાન'પ્રવૃતિથી પ્રેરાઈને તેમણે ગુજરાતમાં 'ભૂદાન સંદેશ ગામો–ગામ પહોચાડયો હતો.રાધનપુરની આસપાસના પાણીની અછતવાળા પઢિયાર પંથકમાં બોરિંગ બનાવવામાં સહયોગ આપ્યો.આથી આ વિસ્તારમાં તેઓ'બોરિંગવાળા ' મહારાજ' તરીખે ઓળખાયા.

નવા ગુજરાત રાજયની સ્થાપના એમના શુભ હસ્તે કરવામાં આવી હતી.સાદાઈના પૂજારી રવિશંકર મહારાજે પોતાના અંતિમ સંસ્કાર સાદાઈથી કરવા તેમજ પોતાની પાછળ કોઈ સ્મારક ન રચવા ઈચ્છા વ્યકત કરી હતી.ગાંધીજીની જેમ જીવન જીવનારાઓમાં તેઓ મોખરે હતા.તેમણે પ્રગટાવેલા 'માણસાઈના દિવા'એ અનેકના જીવનદીપની વાટ પ્રજજવલિત કરી હતી.રવિશંકર મહારાજ પોતાના કાર્યોની કદી જાહેરાત કરતા નહી.આથી તેઓ 'મૂકસેવક' કહેવાયા.ગુજરાત તેમને 'પૂજયદાદા' ના વહાલસોયા નામથી ઓળખે છે.

**(સંકલનઃનેહલ પરમાર વિદ્યાર્થીની ધોરણ–૬,પ્રા.શાળા સમાદરા.તા.જિ.ખેડા)**

| | |
|---|---|
| **<u>પત્રવ્યવહાર/પ્રાપ્તિસ્થાન</u>**<br>**મનિષ સુથાર**<br>**મદદનીશ શિક્ષક**<br>**પ્રા.શાળા,સમાદરા**<br>**પિન.૩૮૭૧૨૦**<br>**મો–૯૦૯૯૧૭૨૧૭૭**<br>**<u>E-mail-manishsuthar123@gmail.com</u>** | **Book-Post**<br>To.<br>.......................................<br>.......................................<br>.......................................<br>Pin |

***<u>Computerised by Bhavesh Suthar.Head Master</u>***

***<u>Mahij Kanya Shala,Mahij Ta-Dist-Kheda Mo-9998285631</u>***

**Email- <u>bhaveshsuthar1923@gmail.com</u>**